## ।। श्लेष ।।

**લક્ષણ: श्लेषः स वाक्ये एकस्मिन् यत्रानेकार्थता भवेत् ।**

- એક જ વાક્યમાં (શબ્દો) અનેક અર્થ આપે તે શ્લેષ કહેવાય. अनेकार्थता - અનેક અર્થ હોવાપણું.

- મમ્મટ અનુસાર શ્લેષ અલંકાર:

(૧) એક વાક્યમાં અનેકાર્થ શબ્દોનો પ્રયોગ

(૨) અનેકાર્થ શબ્દોને કારણે એક વાક્યના અનેક અર્થો થાય.

(૩) સંયોગ વગેરે વ્યંજનાની શરતો દ્વારા એકાર્થ નિયંત્રણનો અભાવ.

(૪) કોઈ ખાસ સંજોગોને લીધે શબ્દોની નવી નવી અર્થછાયાઓ ગ્રહણ કરી શકાય.

(૫) આ વ્યાખ્યા અર્થશ્લેષની છે, કેમ કે નવમા ઉલ્લાસમાં શબ્દ શ્લેષ ચર્ચા કરી છે.

- જ્યાં એક શબ્દને બદલે બીજો શબ્દ મૂકવાથી શ્લેષ ન રહે તે શબ્દ શ્લેષ, શબ્દને બદલે તેનો પર્યાય મૂકવા છતાં શ્લેષ રહે તે અર્થશ્લેષ.

## ।। श्लेष ।।

- ઉદાહરણઃ

- राजा हरति लोकस्य हृदयं मृदुलैः करैः ।

  આ પંક્તિમાં રાજા હળવા કરવેરા વડે લોકોને મન હરી લે છે તથા ચંદ્ર પોતાનાં હળવા કિરણોથી લોકોનાં હૃદયને આનંદ આપે છે એમ બે અર્થ થાય છે.

- उदाहरणम्

  उदयमयते दिङ्मालिन्यं निराकुरुतेतरां नयति निधनं निद्रामुद्रां प्रवर्तयति क्रियाः ।
  रचयतितरां स्वैराचारप्रवर्तनकर्तनं बत बत लसत्तेज:पुञ्जो विभाति विभाकरः ।।४२।।(काव्य.)
  જે ઉન્નતિ કરે છે, દિશાઓના માલિન્યને દૂર કરે છે, નિદ્રાની સ્થિતિનો અંત લાવે છે, કાર્યને પ્રવૃત્ત કરે છે. સ્વેચ્છાપૂર્વકના આચરણના નાશ કરે છે, (તે) અહો, ઝળકતા તેજનો સમૂહ વાળો વિભાકર પ્રકાશે છે.

- શ્લેષના સભંગ, અભંગ અને ઉભયાત્મક એમ ત્રણ ભેદ છે.